TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW|મોરછાપ|Colouron+ પતરા
• JINDAL|સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN|APOLLO|NEZONE-MS|GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રુ
• પોલીકાર્બોનેટ|PVC શીટ|ફ્રેંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ આઠમ મંગળવાર ૨૧ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૯

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

CJPની 'ચલો સંસદ' કૂચ દરમિયાન ભારે ધમાલ

સંસદમાં ચોમાસુ સત્રના પ્રથમ દિવસે ભારે ધમાલ : બંને ગૃહ મોકૂફ

પ્રથમ દિવસે વિપક્ષી સાંસદોએ બંને ગૃહોમાં નીટ પેપર લીકનો મુદ્દો ઉપાડ્યો,

વારંવારની સભામોકૂફીઓ પછી લોકસભા અને રાજ્યસભા આવતીકાલ સુધી મોકૂફ

લોકસભામાં સુપ્રીમ કોર્ટના જજોની સંખ્યા વધારવા માટેનો ખરડો રજૂ થઇ શક્યો

નવી દિલ્હી, તા. 20 (PTI): NEET પેપર લીક અને રામ મંદિર દાન ચોરીના કથિત મુદ્દાઓ પર વિપક્ષના વિરોધ પ્રદર્શનને કારણે સોમવારે લોકસભાની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. ચોમાસુ સત્રના પહેલા જ દિવસે વારંવાર મુલતવી રહ્યા બાદ અંતે ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવી હતી.

...અનુસંધાન પાના 2 પર

દિલ્હીમાં CJPની વિરોધ માર્ચ વચ્ચે ધર્મેન્દ્ર પ્રધાન અમિત શાહને મળ્યા

નવી દિલ્હી, તા. 20 (PTI) પરીક્ષામાં કથિત અનિયમિતતાને લઈને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી) દ્વારા આપવામાં આવેલા વિરોધ પ્રદર્શનના આહ્વાન હેઠળ હજારો લોકોએ સંસદ તરફ માર્ચ કરવાનો પ્રયાસ કર્યો હતો, દરમિયાન સોમવારે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી

...અનુસંધાન પાના 13 પર

સંસદ તરફ જતી કૂચ પર લાઠીચાર્જ અને ટિયરગેસ સાથે પોલીસનો બળપ્રયોગ, 100ની અટકાયત

કૂચકારીઓએ અન્ય માર્ગોથી સંસદ સુધી પહોંચવા પ્રયાસ કર્યો, મધ્ય દિલ્હીના અનેક વિસ્તારોમાં અંધાધૂંધી

પથ્થરમારા અને તોડફોડના બનાવો પણ બન્યા : સંઘર્ષમાં 50 જેટલા પોલીસ અને અનેક આંદોલનકારીઓ ઘાયલ

નવી દિલ્હી, તા. 20: દિવસોથી ચાલતા કોકરોચ જનતા પાર્ટીના આંદોલન પછી આજે યુવા વિરોધ પ્રદર્શનકારીઓએ 'ચલો સંસદ' કૂચ દ્વારા સંસદ ભવન પર કૂચ લઈ જવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમને પોલીસ દ્વારા અટકાવવામાં આવતા ભારે ધમાલ મચી ગઈ હતી અને પોલીસે તેમને બળપ્રયોગ કરીને સંસદથી દૂર ભગાડી દીધા હતા. 'ચલો સંસદ'ના નારા સાથે યુવાનો જંતરમંતર ખાતે ભેગા થયા હતા. આ યુવાનોએ મધ્ય દિલ્હીના ઉચ્ચ સુરક્ષા ધરાવતા વિસ્તારોને વિરોધ પ્રદર્શનના અસાધારણ દ્રશ્યોમાં ફેરવી નાખ્યા હતા. પ્લેકાર્ડ્સ અને ત્રિરંગો હાથમાં લઈને "ભારત માતા કી જય", "જય ભીમ", "વંદે માતરમ" અને "ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપો" જેવા નારા લગાવતા ઘણા લોકો જ્યાં રોકવામાં આવ્યા ત્યાં જ બેસી ગયા. જોતજોતામાં શહેરના

...અનુસંધાન પાના 2 પર

દિલ્હી હાઇકોર્ટે વાંગચુકના મેડિકલ રિપોર્ટ્સ મંગાવ્યા

નવી દિલ્હી. દિલ્હી હાઇકોર્ટે સોમવારે અહીંની સફદરજંગ હોસ્પિટલને ઉપવાસ પર બેઠેલા ચળવળકાર સોનમ વાંગચુકના પેથોલોજીકલ રિપોર્ટ્સ અને હેલ્થ બુલેટિન દાખલ કરવા જણાવ્યું છે. તેની સાથે જ અદાલતે કહ્યું કે, વાંગચુકને ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની તેમની પત્ની ગીતાંજલિ અંગમોની અરજી પર તે મંગળવારે નિર્ણય લેશે.કોર્ટે વાંગચુકનું જીવન "બચાવવું" એ પોતાની મુખ્ય ચિંતા હોવાનું ભારપૂર્વક જણાવતા, સોલિસિટર જનરલ તુષાર મહેતાને તેમના તબીબી અહેવાલોનું સંપૂર્ણ સંકલન રેકોર્ડ પર લાવવા કહ્યું હતું. મુખ્ય ન્યાયમૂર્તિ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ તેજસ કારિયાની ખંડપીઠ અંગમો દ્વારા દાખલ કરાયેલી એ અપીલ પર સુનાવણી કરી રહી હતી, જેમાં કેન્દ્ર સરકારની હોસ્પિટલમાં ચાલી રહેલી વાંગચુકની સારવારમાં હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કરતા

...અનુસંધાન પાના 2 પર

આંદોલન શરૂ થયા બાદ પહેલીવાર સરકારની CJP પ્રતિનિધિઓ સાથે વાતચીત

શિક્ષણમંત્રીના રાજીનામા સહિતની માગણીઓ પર વિચારણાની નડ્ડાની ખાતરી

CJPની માગ : વાંગચૂકની તાત્કાલિક મુક્તિ, પ્રધાનની બરતરફી અને આપઘાત કરનારા નીટ પરિક્ષાર્થીના પરિવારને એક કરોડનું વળતર

CJPએ સરકાર સમક્ષ 3 મુખ્ય માગણીઓ મૂકી

સીજેપી પ્રવક્તા સૌરવ દાસે કહ્યું, અમારી ત્રણ માંગણીઓ છે -- સોનમ વાંગચુક જીને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. તેઓ એક વીડિયો સંદેશ શેર કરવા માંગે છે અને તેમને તેમ કરવાની મંજૂરી આપવી જોઇએ. ધર્મેન્દ્ર પ્રધાનને તાત્કાલિક

...અનુસંધાન પાના 2 પર

નવી દિલ્હી, તા. 20 (PTI): કેન્દ્ર સરકારે આંદોલન કરી રહેલી 'કોકરોચ જનતા પાર્ટી'(CJP) સાથે છેવટે આજે સંપર્ક સાધ્યો હતો. હજારો પ્રદર્શનકારીઓએ સંસદ તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યા બાદ, જેમને પોલીસે રોક્યા હતા, આ પછી કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ CJPના બે સભ્યોના પ્રતિનિધિમંડળને આશ્વાસન આપ્યું હતું કે સરકારનું નેતૃત્વ તેમની માંગણીઓ અંગે આંતરિક ચર્ચા કરશે અને ત્યારબાદ તેમને જવાબ આપશે. CJPના જણાવ્યા

...અનુસંધાન પાના 2 પર

દિલ્હી ડાયરી

રામ મંદિર દાનચોરી કૌભાંડ: ટ્રસ્ટીઓનાં રાજીનામાંથી ગરમાયેલું રાજકારણ

અયોધ્યાના રામ મંદિરમાં દાન (ચડાવો)ની કથિત ગેરરીતિ અંગેનો હોબાળો હવે દેશ અને દુનિયાભરમાં સંભળાઈ રહ્યો છે. કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકારના પ્રાથમિક સંકોચ બાદ એફઆઈઆર નોંધાયા પછી આ હોબાળો વધુ તીવ્ર બન્યો છે. એવા આક્ષેપો છે કે, સરકાર આરએસએસ-વિશ્વ હિન્દુ પરિષદના દબાણ હેઠળ હતી, જેઓ એક સરકારી ટ્રસ્ટ દ્વારા આ પવિત્ર ધામનો વહીવટ સંભાળે છે. સમાજના દરેક વર્ગે ચિંતા વ્યક્ત કર્યા પછી અને વિરોધ પક્ષોએ ભાજપને ઘેરવાની તેમજ આરએસએસની ટીકા કરવાની તક ઝડપી લીધા પછી આ મુદ્દાએ જોર પકડ્યું છે. હવે એવી ગંભીર શંકાઓ ઊભી થઈ છે કે, માત્ર થોડી નાની માછલીઓ (નાના માણસો)ને પકડીને આ મામલાને ચૂપચાપ દબાવી શકાશે કે કેમ. વિશ્વ હિન્દુ પરિષદના ઉપપ્રમુખ ચંપત રાય, જે રામ મંદિર ટ્રસ્ટમાં અગ્રણી ચહેરો છે અને વીએચપી સાથે સંકળાયેલા અન્ય એક હાઇ-પ્રોફાઇલ ટ્રસ્ટીએ આખરે ભારે જાહેર દબાણ હેઠળ ટ્રસ્ટમાંથી રાજીનામું આપી દીધું છે. આ ઘટના બાદ હવે આ મુદ્દાને ચૂપચાપ દબાવી દેવો વધુ મુશ્કેલ બની ગયો છે. જોકે, ચંપત રાય અને કેન્દ્ર તેમ જ

...અનુસંધાન પાના 13 પર

હિમાલયન રાજ્યોમાં ભારે વરસાદ : વધુ 18ના મોત

જમ્મુ-કાશ્મીરમાં વધુ 11ના મોત સાથે મૃત્યુઆંક 23 થયો, સાત હજી લાપતા

ઉત્તરાખંડમાં ભારે વરસાદથી ભૂપ્રપાતો, 150 રસ્તા બંધ, હિમાચલમાં આજે તમામ શાળા બંધ, આસામમાં પાંચના મોત

નવી દિલ્હી, તા. 20 (PTI): જમ્મુ-કાશ્મીર તેમજ ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ ભારે વરસાદને કારણે જનજીવન વ્યાપક રીતે ખોરવાઈ ગયુ હતું. કાશ્મીરમાં વરસાદને લગતી ઘટનાઓમાં આજે વધુ 11 લોકોનાં મોત નિપજતા

બે દિવસમાં વરસાદથી મૃત્યુઆંક આ સંઘપ્રદેશમાં વધીને 23 થયો છે, જ્યારે આસામમાં પાંચ અને ઉત્તરાખંડમાં બેના મોત સાથે દેશમા આજનો કુલ મરણાંક 18 થયો છે. ભારતીય હવામાન વિભાગે 20 અને 21 જુલાઈના રોજ જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં કેટલાક સ્થળોએ ખૂબ જ ભારે વરસાદ, તથા 20 જુલાઈના રોજ ઉત્તરાખંડ, બિહાર, અસમ અને મેઘાલયમાં ભારે વરસાદની આગાહી કરી હતી, જેની વચ્ચે જાનહાનિના આંકડામાં વધારો થયો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે આગામી 4-5 દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર-

...અનુસંધાન પાના 13 પર

ચારધામ, અમરનાથ, વૈષ્ણોદેવી અને શિવ ખોરી યાત્રા સ્થગિત

જમ્મુ. ભારે વરસાદને કારણે ચારધામ તેમજ અમરનાથ, વૈષ્ણોદેવી અને શિવ ખોરીના ગુફા મંદિરોની તીર્થયાત્રા સોમવારે સ્થગિત રાખવામાં આવી હતી. ઉત્તરાખંડ વહીવટીતંત્રે સાવચેતીના ભાગરૂપે સોમવારે ચારધામ યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત કરી કહ્યું છે કે રસ્તાઓ સુરક્ષિત થાય અને પરિસ્થિતિ સામાન્ય થાય પછી જ યાત્રા ફરી શરૂ કરવામાં આવશે. કાશ્મીરના તંત્ર દ્વારા ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાળુઓને બેઝ કેમ્પ અને રોકાણના કેન્દ્રો પર જ રહેવાની સલાહ આપવામાં આવી છે.

'ગોલ્ડન લિયો' જહાજ ઓડેસા બંદરેથી મકાઇ લઇને રવાના થતી સમયે હુમલો થયો

યુક્રેનના બંદરે જહાજ પર હુમલામાં ચાર ભારતીય સહિત નવનાં મોત

મુંબઇની કંપનીની માલિકીના જહાજ પર પાંચ ભારતીય સહિત ૧૭ ખલાસીઓ હતા, એક ભારતીય ગંભીર

રશિયાએ આ જહાજ પર ત્રણ મિસાઇલ ઝિંક્યાનું યુક્રેનનું નિવેદન, ભારતે હુમલાને વખોડ્યો



નવી દિલ્હી, કિવ, તા. 20: વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, 19 જુલાઈની સાંજે યુક્રેનના ઓડેસા બંદર પરથી નીકળતી વખતે એક જહાજ પર થયેલા હુમલામાં ચાર ભારતીય નાગરિકોએ જીવ ગુમાવ્યા છે અને અન્ય એક ભારતીયની સ્થિતિ ગંભીર છે. હુમલા સમયે એમવી ગોલ્ડન લિયો નામના આ જહાજ પર પાંચ ભારતીય નાગરિકો સહિત કુલ 17 કર્મચારીઓ હતા. યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું કે, જહાજ પર રશિયા દ્વારા ક્રૂઝ મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો હતો. કાળા સમુદ્ર વિસ્તારમાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી વધેલી હિંસા વચ્ચે આ સૌથી ઘાતક હુમલો હતો. યુક્રેનના નૌકાદળના જણાવ્યા અનુસાર, મકાઈ લઈને જઈ રહેલા અને ગિની-બિસાઉનો ધ્વજ ધરાવતા 'ગોલ્ડન લિયો' જહાજ પર રશિયાએ ત્રણ ક્રૂઝ મિસાઈલથી હુમલો કર્યો હતો, જેના કારણે જહાજમાં આગ લાગી ગઈ હતી. આ જહાજમાં ભારત અને સીરિયાના ક્રૂ મેમ્બર્સ તૈનાત

...અનુસંધાન પાના 13 પર

ભારતનું ઓપરેશન સિંદુર સફળ હતું : ઈમરાનની બહેનનો દાવો

પાક.ના લશ્કરે પોતાની નિષ્ફળતાઓ છૂપાવવા વિજયની સ્ટોરીઓ ઘડી કાઢી, નોરીન નિયાઝીને પાકિસ્તાન સરકારની નોટિસ

નવી દિલ્હી: પાકિસ્તાનના જેલવાસ ભોગવતા ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના બહેન નોરીન નિયાઝીએ દાવો કર્યો છે કે, પાકિસ્તાની સેનાએ રણભૂમિની નિષ્ફળતાઓને છુપાવવા માટે ભારતના 'ઓપરેશન સિંદૂર' આસપાસ એક બનાવટી વિજયની વાર્તા ઘડી કાઢી હતી. એક તીખા ઈન્ટરવ્યુમાં નિયાઝીએ કહ્યું કે, આ ચાર દિવસીય સંઘર્ષ એ રીતે નહોતો રહ્યો જે રીતે પાકિસ્તાનના જનરલો અને નેતૃત્વએ જનતા સમક્ષ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે ભારતનું 'ઓપરેશન સિંદૂર' અત્યંત સફળ રહ્યું હતું અને પાકિસ્તાન આર્મી પોતાની હાર છુપાવવાનો પ્રયાસ કરી રહી હતી. આ નિવેદનોથી પાકિસ્તાનનું સત્તાધીશ તંત્ર બરાબરનું અકળાયું

...અનુસંધાન પાના 13 પર

નેપાળ તેના એક રૂપિયાના સિક્કામાંથી વિવાદાસ્પદ નકશો દૂર કરશે

કાઠમંડુ, તા. 20 (PTI): નેપાળ સરકારે તેના એક રૂપિયાના સિક્કામાંથી લિમ્પિયાધૂરા, લિપુલેખ અને કાલાપાનીને નેપાળના ભાગ તરીકે દર્શાવતા વિવાદસ્પદ નકશાને હટાવીને નવી ડિઝાઈનના સિક્કા બહાર પાડવાની મંજૂરી આપી છે. નેપાળ દાવો કરે છે કે લિપુલેખ અને કાલાપાની તેના પ્રદેશો છે, જ્યારે ભારતનું માનવું છે કે આ વિસ્તારો તેના છે. નેપાળની તત્કાલીન કે.પી. ઓલી સરકારે મે ૨૦૨૦માં કાલાપાની અને લિપુલેખ સહિતના વિસ્તારોને પોતાના અધિકૃત નકશામાં સામેલ કર્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુરુવારે કેબિનેટની બેઠકમાં 'નેપાળ રાષ્ટ્ર બેંક'(NRB) દ્વારા નવી ડિઝાઇનના એક રૂપિયા અને બે રૂપિયાના સિક્કા છાપવાની મંજૂરી આપવામાં આવી હતી.

પેટ્રોલમાં 20%થી વધુ ઇથેનોલ ભેળવવાનો નિર્ણય હજી લેવાયો નથી : પેટ્રોલિયમ રાજ્ય મંત્રી

આ અંગેનો કોઇ પણ નિર્ણય વધુ વૈજ્ઞાનિક અભ્યાસ અને ઉદ્યોગ જગત સાથેની ચર્ચા પછી જ લેવાશે : સુરેશ ગોપી

નવી દિલ્હી, તા. 20 (PTI): સરકારે પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણનું પ્રમાણ હાલના ૨૦ ટકાના સ્તરથી વધુ વધારવાનો હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી, તેમ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ સોમવારે રાજ્યસભામાં જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ભવિષ્યમાં કોઈપણ વધારો વધુ વૈજ્ઞાનિક અભ્યાસ અને ઉદ્યોગ જગત સાથેની ચર્ચા પછી જ કરવામાં આવશે. ગોપીએ એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી સરકાર દ્વારા પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ ૨૦ ટકાથી વધુ વધારવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમણે કહ્યું કે આનાથી આગળ વધવાનું કોઈપણ પગલું તમામ સંબંધિત હિતધારકો, જેમાં ઓટોમોબાઈલ ઉત્પાદકો, ઓઈલ માર્કેટિંગ

...અનુસંધાન પાના 13 પર

તા. ૨૦-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

વરસાદ	આજનો	મોસમનો
(૧૮.૦૦ કલાક સુધી)	૨૩.૦૦ મીમી	૯૧૪ મીમી

ઉકાઈ	સપાટી આજની	આઉટફ્લો
	૩૧૩.૧૨ ફૂટ	૮૫૦ ક્યુસેક

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	30.30 સે.	૨૫.૯૦ સે.	૮૩%

આપણા સુરતમાં વર્ષ ૨૦૦૧ થી
ટેબ® ટ્રીટમેન્ટ કિલીનીક્સ (પૂને)
૨૬ વર્ષ થી
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર
દરરોજ કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.
મુલાકાત અને જાણકારી માટે આજે જ સંપર્ક કરો મો. ૯૦૧૬૩૭૪૨૩૨
ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ - ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ,જલનિધિ કોમ્પલેક્ષ, બહુમાળી ની સામે, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.
દરેક રવિવારે પણ ચાલુ રહેશે.
"૨૬ વર્ષથી ટેબ કિલનીક્સ સુરત શાખા નો શુધ્ધ આયુર્વેદીક સારવાર કરીને અનેક દર્દીઓ હાડકા-મણકા-સાંધા તેમજ સ્નાયુઓને લગતી અનેક તકલીફોથી મુકત થયા છે. અમે પણ એ ફાયદો પ્રત્યક્ષ મેળવ્યો છે તો તમે કેમ નહીં ?"
શ્રીમતિ પ્રજ્ઞાબેન દેસાઈ
આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
ઉંમર- ૫૯ વર્ષ, વ્યવસાય - ગૃહિણી,
સરનામું - એફ-૩૦૭, પનિતાપાર્ક, ભટાર રોડ, સુરત-૩૯૫૦૦૭
"ઘણા વર્ષો પહેલા મને બંને ઘુંટણમાં દુઃખાવાની શરૂઆત થયેલી. ધીરે-ધીરે કમર, બંને ઘુંટી, પગના સ્નાયુઓ, ગરદન, બંને ખભા તથા હાથની આંગળીઓમાં પણ દુઃખાવો શરૂ થઈ ગયો. આખા શરીરમાં જકડાહટ રહેતી હતી. સવારે ઊઠું ત્યારે તળિયામાં સખત દુઃખાવાને કારણે જમીન પર પગ મૂકી શકાતો ન હતો.પલાંઠી વાળીને જમીન પર થોડીવાર પણ બેસી શકાતું ન હતું. ગરદન અને ખભાના દુઃખાવાને લીધે ગરદન ઘુમાવતાં તડ-તડ અવાજ આવતો હતો અને બંને હાથ બિલકુલ ઉંચા કરી શકાતા ન હતા. બંને હાથના આંગળાઓમાં જકડાહટ રહેતી હતી અને સખત ખેંચાતા હતા. આથી લોટ પણ બાંધી શકાતો નહી હતો. એક દિવસ પેપરમાં ટેબની જાહેરાત વાંચી મે ત્યાં બતાવવા માટે એપોઈન્ટમેન્ટ લીધી. ટેબના ડોકટરે કહયા પ્રમાણે નિયમિત સારવાર ચાલુ કરી. નિયત સમય પહેલાજ હું સંપૂર્ણ સારી થઈ ગઈ. સારવાર પૂરી થયાના દોઢેક વર્ષ પછી પણ કોઈપણ પ્રકારના દુઃખાવા વગર સંપૂર્ણ સ્વસ્થ જીવન જીવી રહી છું. ઘરનું બધું જ કામકાજ કરી શકું છું. સવારે ઉઠું ત્યારે એકદમ ફ્રેશ ફીલ કરું છું. રોજ એકાદ કલાક વોક અને ૪૦-૪૫ મિનિટ યોગા કરું છું. સારવાર પુરી થયા પછી પ્રવાગરાજ યાત્રા પર ગયેલી ત્યારે ૩૦-૩૫ કિ.મી. ચાલવા છતાં મને કોઈપણ જાતની તકલીફ નહીં પડેલી. ટેબની સારવાર પછી મને જીવનની નવી આશ - નવી રાહ મળી છે એ બદલ આભાર ટેબ્રુ કિલનીક્સનો."
દર્દી ની સહી
શ્રીમતિ ભારતીબેન વડનગરા
આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
ઉંમર- ૬૮ વર્ષ, વ્યવસાય - ગૃહિણી,
સરનામું - એ-૬૦૧, ગ્રીન એન્ડલેવ, ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત-૯
"ઘણા વર્ષોથી મને ડાબા પગના ઘુંટણમાં સખત દુઃખાવો, સોજો તથા પલાંઠી પણ વાળી શકાતી ન હતી. થોડીવાર માટે પણ ચાલવાનું કે ઉભા રહેવાનું ખુબજ મુશ્કેલ હતું. ચાલતી વખતે પગ ઉપાડતાં પગ ખુબ જ ભારે લાગતાં હતા. લોલકની જેમ ડગુમગું ચલાતું હતું. દુઃખાવાથી ખૂબ કંટાળી ગઈ હતી એવા સમયે પેપરમાં ટેબમાં સારા થયેલા પેશન્ટ વિશે વોચ્યુ. મને થયુ કે જો બીજા સારા થાય છે તો હું કેમ નહીં ? અમે ટેબની મુલાકાત લીધી. ત્યાં ડોકટરે મારી સંપૂર્ણ શારીરિક તપાસ કરી. મને નિયત સમયમાં વગર ઓપરેશને સારા કરવાની ખાતરી આપી. ટેબના ડોકટરના કહેવા પ્રમાણે નિમમિત સારવાર કરી નિયત સમયમાં હું સંપૂર્ણ સારી થઇ ગઈ. મને દુઃખાવામાં સંપૂર્ણ રાહત મળી છે. સોજા પૂરેપૂરા ઉતરી ગયા છે અને જકડાહટ બિલકુલ રહેતી નથી. હવે હું જમીન પર, પલાંઠી પાળીને તથા ઉભડક પગે બેસી શકું છું. એક-બે કી.મી. ચાલવા પણ જાઉ છું. ઘણી વખત ઉભા રહીને રસોડાનું તેમજ ઘરનું અન્ય કામ પણ દર્દરહીત પણે કરી શકાય છે. હવે ચાલતી વખતે ડગુમગુ પણ નથી ચલાતું અને પગ આરામથી ઉપાડી શકાય છે. આભાર ટેબ કિલનીક્સનો."
દર્દી ની સહી
ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્‌ભુત મિશ્રણ છે.
ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે,તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
ટેબ ક્લિનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરતુ પોતાની જ ગ્રુપ કંપનીએ બનાવેલી શુધ્ધ આયુર્વેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપુર્ણ ઉપચાર કરે છે.
ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક પેઇનકીલર દવાઓ તથા ઈન્જેક્શનનો સમાવેશ બિલકુલ નથી.
ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી.,એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે.